જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૨/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૪૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી ૮૨ લીટર દેશી દારૂ, ૧૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૩ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૪૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૫૧/૧૬

**ચાંદખેડાઃ** વિકાસ નંદકિશોર સાક્ય (રહે. ગાંધીનગર જીવણલાલનો હાથો થાના શીશામલ કાનપુર યુ.પી) એ તા.૨૧/૨/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિકાસ સાક્યની બહેન પદમાબહેને તેના પતિ નરેન્દ્ર ઉર્ફે સની રમસીંગ શંખવાર (રહે.ગોગાનગરની ચાલી વેલજીભાઈનો કુવો મોટેરા) અને સાસારીયાના માનસીક અને શારીરીક ત્રાસના લીધે સાસરીમાં તા.૧૮/૨/૧૬ નારોજ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે કે દેસાઈ ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૫૨/૧૬

**સાબરમતીઃ** શિપ્રાબહેન ભાસ્કર બેનરજી (ઉ.વ.૬૦) (રહે.સમીર ફ્લેટ ધર્મનગર વિભાગ-૨ પાવર હાઉસ સાબરમતી) એ તા.૨૧/૨/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૧૯૯૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી શરદ શાંતીલાલ શાહ અને (૨) સેકરેટરી સેલ્વીયાબહેન (બન્ને રહે.રથી એપાર્ટમેન્ટ સાબરમતી) એ ભેગા મળી સાબરમતી પાવર હાઉસ સામે રથી કો.ઓ.હા.સો.લી. ફ્લેટ નંબર બી-૧ રૂપિયા ૪,૫૦,૫૦૦/- શિપ્રાબહેનને વેચાણ કરી બાદમાં ફ્લેટ પડાવી લેવાના ઈરાદે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૫૩/૧૬**

**ખોખરાઃ** રાજેશભાઈ જગદીશભાઈ પંચાલ (રહે. જય ગરવી ગુજરાત સોસાયટી ગોરનો કુવો ખોખરા) એ તા.૨૧/૨/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૨/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૧/૨/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૩૫૪/૧૬**

| | |
|---|---|
| **ઘાટલોડીયાઃ** કલાવતીબહેન શેઠપ્રસાદ યાદવ (ઉ.વ.૫૦)(રહે. મેમનગર તળાવ મ્યુ.પાણીની ટાંકી મેમનગર) તા.૧૫/૨/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથીકયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. લાલ રંગની ફુલ ડીઝાઈનવાળી સાડી અને પોપટી રંગનુ બ્લાઉઝ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |
| **ગુજરાત યુનિવર્સીટીઃ** ભુમી કિરણસિહ ઝાલા (ઉ.વ.૧૯)(રહે.ઓ.એન.જી.સી.નગર સોસાયટી નિર્ણયનગર રોડ રાણીપ) તા.૧૧/૨/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગુજરાત યુનિવર્સિટી ગર્લ્સ પોલીટેકનીક કોલેજથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. આછુ ગુલાબી રંગનુ ટી-શર્ટ અને નેવી બ્લ્યુ રંગનુ પેન્ટ પહેર્યુ છે. મોઢાના ભાગે ખીલના નિશાન છે. (ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૩૦૫૪૭૮) |  |
| **ઓઢવઃ** જયપ્રકાશ બંસીલાલ પાસી (ઉ.વ.૨૮) (રહે.કરશનનગર રણછોડજીના મંદિર પાસે રબારી વસાહત ઓઢવ) તા.૨૦/૧/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કરશનનગર નજીકથી કયાંક ચાલ્યા ગયા છે. ગુલાબી રંગનુ શર્ટ વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. જમણી આંખ નીચે ગુમડાંનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઓઢવ પો. સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ઓઢવઃ** રજનીબહેન ઉર્ફે મોના દીનેશભાઈ સકશેના (ઉ.વ.૨૩) (રહે.ભાવીકનગર આદીનાથનગર ઓઢવ) તા.૨૯/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી એન્જલ (ઉ.વ.૧) ને સાથે લઈ પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. મરૂન રંગની સાડી તેમજ બેબીને ગુલાબી રંગનો બાબાસુટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)